# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-01-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-રાષ્ટ્રીય યુવા દિવસ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાષ્ટ્રીય યુવા દિવસ પર દિલ્હીના ભારત મંડપમ ખાતે વિકાસશીલ ભારત યુવા નેતાઓ સંવાદમાં ભાગ લેશે. સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પર રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રી મોદી દેશભરના ત્રણ હજાર ઊર્જાવાન નેતાઓ સાથે વાતચીત કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી દસ વિષયો પર સહભાગીઓ દ્વારા લખાયેલા શ્રેષ્ઠ નિબંધોના સંગ્રહનું પણ વિમોચન કરશે. જેમાં ટેકનોલોજી, ટકાઉપણું, મહિલા સશક્તિકરણ, ઉત્પાદન અને કૃષિ જેવા વિષયો પરના નિબંધોનો સમાવેશ થાય છે. વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદનો ઉદ્દેશ્ય એક લાખ બિન-રાજકીય યુવાનોને રાજકારણ સાથે જોડવાનો અને તેમને વિકસિત ભારત માટે તેમના વિચારો વ્યક્ત કરવા માટે એક રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

--------------------------------------------------------------------------------

## કરૂણા અભિયાન:

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી ઘાયલ થયા હોય તેવા પક્ષીઓને બચાવવા અને તે પક્ષીઓને સારવાર મળી રહે તે માટે રાજ્યભરમાં ગઇકાલથી કરૂણા અભિયાનનો આરંભ થયો છે. ઉતરાયણના પર્વ દરમિયાન 20 જાન્યુઆરી સુધી ચાલનારા આ અભિયાનમા ઘાયલ થતાં પક્ષીઓને સારવાર મળી રહે તે માટે જિલ્લા, તાલુકા અને શહેર કક્ષાએ કંટ્રોલરૂમ અને સારવાર કેન્દ્ર કાર્યરત કરવામાં છે. ભુજમાં સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઇ પટેલ અને ઉપસ્થિતિ મહાનુભાવો દ્વારા પશુપાલન દવાખાના ભુજ ખાતેથી કરૂણા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. લોહાણા સમાજ પ્રાયોજિત 24 કલાક કાર્યરત પક્ષી બચાવ આઈ.સી.યુ. ખુલ્લું

મકવામાં આવ્યું હતું. કચ્છમાં તાલુકા વાઇઝ 16 ઘાયલ પક્ષી કલેકશન સેન્ટર અને જિલ્લામાં ૧૩ સારવાર કેન્દ્ર કાર્યરત કરાયા છે. કરૂણા અભિયાનમાં નાયબ પશુપાલન નિયામક દ્વારા તાલુકા કક્ષાએ કુલ 15 પશુ ચિકિત્સક અધિકારીઓ તથા 21 બિન સરકારી સંસ્થાઓના 426 જેટલા સ્વયંસેવક દ્વારા સેવા પૂરી પાડવામાં આવશે.

-----------------------------------------------------------------------------------

## ચિંતન શિબિર:

સોમનાથ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાની ચિંતન શિબિર યોજાયા બાદ વિવિધ વિભાગોની ચિંતન શિબિરો યોજાઇ રહી છે. આ શ્રેણીમાં ગઇકાલે આણંદ નજીક માહિતી ખાતાની બે દિવસીય ચિંતન શિબિરનો આરંભ થયો હતો. માહિતી ખાતાની કામગીરી સાથે સંકળાયેલા રાજ્યભરના ૮૦ થી વધુ વર્ગ ૧-૨ના અધિકારીઓ આ બે દિવસીય ચિંતન શિબિરમાં જન કલ્યાણકારી યોજનાઓને વધુ અસરકારક રીતે છેવાડાના માનવીઓ સુધી પહોંચાડવા સંદર્ભે પ્રત્યાયન માધ્યમોના બદલાતા જતા પ્રવાહો અને ટેકનોલોજીના ઉપયોગ અને પડકારો બાબતે મનોમંથન કરશે.

-----------------------------------------------------------------------------------

## ચાઈનીઝ દોરા:

ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, લોકોને ઈજા ના પહોંચે તે માટે રાજ્યમાં માત્ર ચાઇનીઝ દોરી પર જ નહીં પણ કાચના પાઉડર ચડાવીને વેચવામાં આવે છે તેના પર પણ પ્રતિબંધ છે.

હાઈકોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે, કાચના પાઉડરથી રંગેલી દોરી, તેના ઉત્પાદન, વેચાણ, વપરાશ, ખરીદવા ઉપર પ્રતિબંધ છે. ત્યારે હાઈકોર્ટે આ મામલે સરકારને કાર્યવાહી કરવાના પણ નિર્દેશ આપ્યા છે. જેને લઇને હવે પોલીસ ગ્લાસ કોટિંગ કરેલી દોરીનું ઉત્પાદન, વેચાણ, વપરાશ તેમજ ખરીદવા સામે કાર્યવાહી કરી શકે છે.

-----------------------------------------------------------------------------------

# લાલ બહાદુર શાસ્ત્રી-પુણ્યતિથિ

દેશના બીજા પ્રધાન મંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની આજે 58 મી પુણ્યતિથી છે. સેવા સાદગી અને સમર્પણનાં ધ્યેયને વરેલા શાસ્ત્રીજીએ 18 માસના ટૂંકા શાસન કાળમાં પાકિસ્તાન સાથે શરૂમાં કચ્છ અને પછી કાશ્મીર મોરચે યુદ્ધ સમયે દેશને કુશળ નેતૃત્વ પૂરૂં પાડ્યું હતું જવાનો અને કિસાનો પરત્વેનાં પ્રેમરૂપે તેમણે આપેલ જય જવાન જય કિસાનનું સૂત્ર આજે પણ એટલુજ પ્રસ્તુત છે. આજે તેમની પુણ્યતિથી નિમિતે કચ્છમાં ભુજ અને અન્ય સ્થળોએ તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અપાશે.

---------------------------------------------------------------------------------------------

# ચીફ સેક્રેટરી કચ્છ મુલાકાત:

ગુજરાતના નવા ચીફ સેક્રેટરી રાજકુમાર બે દિવસથી કચ્છની મુલાકાતે છે. ગઇકાલે તેઓ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા અમિત અરોરા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓની સાથે બેઠક યોજી સરહદી કચ્છની સુરક્ષા વ્યવસ્થા, પ્રવાસન સહિતના વિવિધ મુદ્દે ચર્ચા કરી જરૂરી સૂચનો આપ્યા હતા. આજે તેઓ લક્કીનાળા સહિતના સરહદી વિસ્તારોની મુલાકાત લઇને સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરશે.

---------------------------------------------------------------------------------------------